# કુંડોલપાલ ગામે અગ્નિ સંસ્કાર વિધિ સમયે આખુ ગામ હીંબકે ચડ્યુંધારાઓ છૂટી

## ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સહિત રાજકીય નેતાઓએ મૃતકોના પરીવારજનોને સાંત્વના આપી





(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)




હિંમતનગર, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ કુંડોલપાલ ગામમાં ૧૫ મૃતકોની સામુહિક અગ્ની સંસ્કાર વિધિમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોની આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહેતી થઈ હતી. ગુજરાત રાજ્ય મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદી સહિત રાજકીય નેતાઓએ મૃતકોના પરીવારજનોને સાંત્વના આપી હતી.કુંડોલપાલ ગામના લોકો ટ્રેક્ટર ટ્રોલીમાં બેસી ધંધાસણ ગામમાં લોકાચાર કરવા જતા હતા તે દરમ્યાન કુંડોલ ગામના ડુંગરાળ વિસ્તારની વચ્ચે આવેલા રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમ્યાન કુંડોલ ઘાંટી પાસે ટ્રેક્ટર ચાલકે ટ્રેક્ટર ઉપરનો કાબુ ગુમાવી બેસતાં ૧૫ લોકોનાં મોત નિપજતાં હજ્જારોની સંખ્યામાં કુંડોલ ગામના સ્મશાનમાં એકત્રીત થયેલા લોકો હિબકે ચડ્યા હતા.

કુંડોલ ઘાંટી પાસે થયેલ અકસ્માત દરમ્યાન ૧૮ થી વધુ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા ત્યારે ધંધાસણ ગામે જમાઈને ત્યાં લોકાચાર કરવા પહોંચે તે પહેલાં ગોજારા ઢાળવાળા ભયજનક વિસ્તારમાં ભયંકર અકસ્માત સર્જાતા ૧૫ થી વધુ લોકોના મોત નિપજતાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામ સહિત સમગ્ર વિસ્તારમાં શોકની કાલીમા પ્રસરી હતી.

ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી કુંડોલપાલ ગામમાં સામુહિક અગ્ની સંસ્કાર વિધિમાં આવ્યા હતા તે દરમ્યાન મૃતકોના પરીવારજનોને એક લાખ રૂપિયો સહાય આપવાની જાહેરાત કરી હતી સાથે સાથે કુંડોલ ગામ પાસે આવેલ અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં સર્જાયેલ ગોઝારા અકસ્માતમાં ઘાયલ બનેલા ઈજાગ્રસ્તોની સારવારનો ખર્ચ ગુજરાત સરકાર કરશે તેમ જણાવ્યું હતું.કુંડોલપાલ ગામના ૧૫ મૃતકોના પરીવારજનોને સાંત્વના આપી દિલાસો વ્યક્ત કર્યો હતો.કુંડોલપાલ ગામ પાસે અકલ્પનીય ગોઝારા અકસ્માત દરમ્યાન કરૂણાંતિકાના દશ્યો સર્જાયા હતા. ૧૫ મૃતકોના અને ઈજાગ્રસ્તોના પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા તે દરમ્યાન હજ્જારોની સંખ્યામાં ઉપસ્થિત રહેલા લોકોની આંખોમાં અશ્રુઓની ધારા વહેતી થઈ ગઈ હતી.

કુંડોલપાલ ગામના ૧૫ મૃતકોની સામુહિક અંતિમ સંસ્કાર વિધિ દરમ્યાન ગુજરાત સરકાર મંત્રી પ્રદિપસિંહ જાડેજા, સાબરકાંઠા સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાળ, સાબરકાંઠા જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, ઈન્દ્રવિજયસિંહ રાઠોડ, ગુણવંતભાઈ ત્રિવેદી, રણવીરસિંહ ડાભી, કાંતીલાલ પટેલ, મુકેશભાઈ પટેલ, અમીતભાઈ ત્રિવેદી, ભાવિનભાઈ તબીયાર, રમીલાબેન બારા, નીલાબેન મડીયા, રાજુભાઈ નિનામા, અમરતલાલ બરંડા, સિધ્ધરાજભાઈ ચોલવીયા સહિત રાજકીય નેતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી ઉત્સવમાં ૧૦૭૫ કરોડના વિકાસ કાર્યોનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરાયું





(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

મોડાસા, તા. ૨૫

૬૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણીના એક દિવસ અગાઉ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નવનિર્મિત અરવલ્લી જિલ્લાને વિવિધ સહાયરૂપ ગ્રાન્ટની જાહેરાતથી નવાજ્યો હતો. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અરવલ્લી ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે જિલ્લાના વિકાસકાર્યો માટે ૧૦૭૫ કરોડ રૂપિયાના કુલ ૧૦૨૪ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની જાહેરાત કરી હતી.

અરવલ્લી ઉત્સવમાં ઉપસ્થિત રહેતા પહેલા મુખ્યમંત્રી ભીલોડા તાલુકામાં ટ્રેક્ટર પલ્ટી ખાવાથી સર્જાયેલ અકસ્માતમાં સરપંચ સહિત ૧૫ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા તેમની અંતેષ્ઠી પ્રસંગે હાજરી આપવા ગયા હતા અને તેમણે મૃતાત્માઓને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યાર બાદ તેઓ મોડાસા ખાતે અરવલ્લી ઉત્સવમાં પહોંચ્યા હતા જ્યાં તેમણે પૂજનવિધિમાં ભાગ લીધો હતો અને ડીઝીટલ પદ્ધતિથી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. આ પ્રસંગે તેમણે ૨૦ કરોડના ખર્ચે બનનાર જિલ્લા સેવાસદનનું ખાત મુહૂર્ત કર્યુ હતું અને જિલ્લાની દરેક નગરપાલિકા અને ગ્રામ પંચાયત દીઠ ૧ કરોડ રૂપિયાની વિકાસગ્રાન્ટની ફાળવણીની જાહેરાત કરી હતી.

અરવલ્લી ઉત્સવમાં માત્ર ૧૫ મિનિટના ટુંકા ભાષણમાં મુખ્યમંત્રીએ પ્રજાસત્તાક દિન અને ગુજરાત સ્થાપના દિનને વિકાસ પર્વ ગણાવ્યા હતા. ૨૫મી જાન્યુઆરીને મતદાતા દિવસ તરીકે ઉજવાય છે ત્યારે મતદાતા જ દેશને સાચો ભાગ્ય વિધાતા ગણાવ્યો હતો. તેમણે લોકશાહીને મજબૂત બનાવવા વધુ ને વધુ મતદાન કરવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં રાજયના કાયદામંત્રી પ્રદીપસિંહ જાડેજા, માજી મંત્રી વી.ડી. ઝાલા અને જયસિંહ ચૌહાણ, ગુજરાત ખેત બેંકના ચેરમેન કનુભાઈ પટેલ અને મોડાસા નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ સાથે અનેક રાજકીય આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ કરાયા હતા.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ગુજરાતની રાજ્યકક્ષાની પ્રજાસત્તાક પર્વની ઉજવણી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં થઈ રહી છે ત્યારે પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ રાજ્યના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ''એટ હોમ'' કાર્યક્રમ દ્વારા સાબરકાંઠા જિલ્લાના અગ્રણી મહાનુભાવો અને નાગરિકોને મળી પરસ્પર શુભેચ્છાની આપ-લે કરી હતી. તે વેળાએ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્ય સચિવશ્રી ડૉ. વરેશસિંહાએ ઉપસ્થિત રહી અગ્રણીઓ સાથે ૬૫મા પ્રજાસત્તાક દિનની શુભેચ્છાની આપ-લે કરી હતી. સાબરકાંઠા-અરવલ્લીની વિશેષ સંસ્કૃતિને અનુરૂપ રાજ્યપાલશ્રીનું મુખ્ય મંત્રીશ્રીએ સ્વાગત કર્યું હતું અને બંને મહાનુભાવોએ ૬૫મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ અરસપરસ શુભેચ્છા પ્રદાન કરી હતી. પોલીસ બેન્ડે રાષ્ટ્રગીત અને દેશભક્તિના ગીતોની સૂરાવલી રેલાવી વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું.


# ડીસામાં પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ વિરોધની અવિશ્વાસ દરખાસ્ત પર ૩૧મીએ બેઠક યોજાશે

ડીસા, તા. ૨૫

ડીસા નગરપાલિકામાં બીજી ટર્મમાં સત્તારૂઢ થયેલ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અને ઉપપ્રમુખ પુરતુ સંખ્યાબળ ધરાવતા નથી અને તેમની કામગીરીમાં અનેક મોર્ચે તેઓ નિષ્ફળ નિવડેલ છે તેવા આક્ષેપો સાથે અંદાજીત બે માસ અગાઉ અવિશ્વાસની દરખાસ્ત વિપક્ષ એવા વિપુલ શાહ સહીતના ૧૩ સદસ્યો દ્વારા ડીસા પાલિકાના ચીફ ઓફીસર સમક્ષ અવિશ્વાસ દરખાસ્ત રજુ કરી મતદાન માટેની માંગણી કરાઈ હતી. જો કે તે બાદ નિયત મુદતમાં પ્રમુખ અને ઉપપ્રમુખ દ્વારા એજન્ડા અને બેઠક યોજવામાં આવી ન હતી અને આ સમગ્ર મામલા સામે હાઈકોર્ટમાં સિવિલ એપ્લીકેશન દાખલ કરવામાં આવી હતી જેની સુનાવણી પણ હાઈકોર્ટમાં યોજાઈ હતી જો કે નામદાર ગુજરાત હાઈકોર્ટે આ અવિશ્વાસની દરખાસ્ત બાબતે કોઈ મનાઈ હુકમ કે અન્ય આદેશ આપ્યો ન હતો જે બાદની કાર્યવાહીમાં જિલ્લા કલેક્ટર બનાસકાંઠાએ આ અવિશ્વાસની રજુ થયેલી દરખાસ્ત પર ૩૧મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ બેઠક યોજવાની જાહેરાત કરેલ છે જે મુજબ ડીસા પાલિકા સભા ખંડમાં નાયબ કલેક્ટર ડીસાની અધ્યક્ષતાએ આ બેઠક યોજાવાની હોઈ સત્તા સ્થાને બેઠેલા ભાજપ અને સત્તા સ્થાન મેળવવાનો બહુમતીએ દાવો કરનાર કોંગ્રેસ અને તેની સાથી મિત્રોમાં દોડધામ મચેલ છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વિપુલભાઈ શાહ અને સાથી સદસ્યોએ બે માસ અગાઉ પાલિકાના ભાજપના પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ અને ઉપપ્રમુખ નિલેષભાઈ ઠક્કર વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી. જો કે નિયત મુદતમાં પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ આ બેઠક પર એજન્ડા તેમજ બોર્ડ બોલાવી શક્યા ન હતા અને વિપક્ષ દ્વારા રજુ થયેલ અવિશ્વાસની દરખાસ્ત પ્રવર્તમાન કાયદાના નિયમો વિરૂદ્ધની હોઈ નકારી કાઢી હતી અને તે બાદ આ મામલે ડૉ. તેજલબેન પટેલ અને નિલેષભાઈ ઠક્કરે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન રજુ કરી હતી. જેમાં નામદાર કોર્ટે રાજ્ય સરકાર, જિલ્લા કલેક્ટર, ડીસા પાલિકા ચીફ ઓફિસર તેમજ અન્ય ૧૨ સહીત ૧૫ પત્રકારોને નોટીસ ઈસ્યુ કરી હતી. જેનાથી રાજકારણ ગરમાયું હતું જ્યારે બીજી તરફ અવિશ્વાસની દરખાસ્તમાં પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ એજન્ડા કાઢવામાં અને બેઠક બોલાવવામાં નિષ્ફળ જાય તો તે બાદની કાર્યવાહી નિયત એકાદ માસના સમયમાં જિલ્લા કલેક્ટરે કરવાની હોય છે. જેમાં જિલ્લા કલેક્ટરની મુદત અંદાજીત ૨૯મી જાન્યુઆરી-૨૦૧૪ના રોજ પુરી થતી હતી. વળી ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી પીટીશનમાં નામદાર કોર્ટ તરફથી આ અવિશ્વાસની દરખાસ્ત પર કલેક્ટરે બેઠક બોલાવી કે નહી તે બાબતનું કોઈ પ્રોટેક્શન અરજદારોને આપેલ ન હતું. જેથી કાયદા મુજબ બનાસકાંઠા જિલ્લા કલેક્ટરે આ અવિશ્વાસની દરખાસ્ત બાબતે આગામી ૩૧મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ નાયબ કલેક્ટર ડીસાના અધ્યક્ષસ્થાને બેઠક નક્કી કરેલ છે.

જ્યારે બીજી તરફ છેલ્લા બે માસથી રજુ થયેલી આ અવિશ્વાસની દરખાસ્ત પર જે સદસ્યોએ મતદાન કરવાનો છે તેવા અંદાજીત ૨૦થી વધુ સદસ્યોને પણ સહેલગાહથી પરત ઘેર આવા રાહત થતા તેમના પરીવારોમાં પણ ખુશીની લાગણી ફેલાઈ છે અને ભાજપ દ્વારા સાત દિવસ બાદ યોજાનારી બેઠકમાં સત્તા કાયમ રાખવા કવાયત હાથ ધાયેલ છે. જ્યોર કોંગ્રેસે પણ સાથી સદસ્યોના સહયોગથી ભાજપને સત્તા સ્થાનેથી દૂર કરી શહેરમાં વિકાસશીલ સરકાર રચવાની હાંકલ કરતા બન્ને રાજકીય પક્ષોના કાર્યકરોમાં ચહલપહલ સાથે ગરમાવો આવેલ છે.



લક્ષ્મીપુરા તા. ખેડબ્રહ્માની શેઠ કે.એલ. હોસ્પિટલ વિવિધ રોગોની અદ્યતન સારવાર માટે આજુબાજુના છેક રાજસ્થાનના સિમાડાઓ સુધી પ્રખ્યાત થયેલ છે. જેમાં વહીવટી કુશળતા તથા અનુભવી ડોકટરશ્રીઓની સેવા પ્રશંસનીય છે. તાજેતરમાં જ રાજસ્થાનના સવિતાબેન મીણાને ગળામાં થાઈરોઈડની ગાંઠ થયેલ જેની વેદના અસહ્ય અને દર્દનાક હતી. ગળું ફુલી ગયું હતું. બોલવા, ખાવામાં પણ તકલીફ પડતી હતી પણ હોસ્પિટલના ડૉ. હેમંત વી. ચૌધરીની ટીમે સફળતાપૂર્વક ઓપરેશન કરી ૧૩x૧૩ સે.મી. વજન ૭૦૦ થી ૮૦૦ ગ્રામની ગાંઠ કાઢી દર્દીનો જીવ બચાવ્યો છે તથા દર્દમાંથી મુકત કરેલ છે. દર્દીના સંબંધીઓએ ડોકટરનો આભાર માન્યો હતો જયારે ટ્રસ્ટીઓએ ડોકટરને અભિનંદન પાઠવ્યા હતા. (તસવીર : વિઠ્ઠલ સુથાર, લક્ષ્મીપુરા)

## ઘડી હાઈસ્કૂલના ૨૪૦ બાળકોની આરોગ્ય તપાસ કરાઈ

તલોદ, તા.૨૪

તલોદ-હિંમતનગર (સાબર ડેરી) રોડ માર્ગ ઉપરના પ્રાંતિજ તાલુકાના ઘડી ગામે પ્રતિષ્ઠિક આગેવાન અને અનેકાનેક સંસ્થાઓમાં યોગદાન આપી ચુકેલા સ્વ. હિરાલાલ ભોગીલાલ શાહની દ્વિતીય પુણ્યતિથી નિમિત્તે આજે ઘડી ખાતે શાળાના બાળકોની ખાસ કાળજી લેવા 'બાળ આરોગ્ય નિદાન કેમ્પ'નું પ્રેરણાદાયી આયોજન સ્વ. સમુબહેન ભોગીલાલ શાહ પરિવારના સૌજન્યથી અને કેળવણી મંડળના સથવારે કરવામાં આવ્યું હતું.

સ્વ. હિરાભાઈને શ્રધ્ધાંજલિ સમર્પિત કરવા આ એક નવતર અને પ્રેરણાદાયી કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં એમ.બી. દેસાઈ હાઈસ્કુલ-ઘડીના ધો-૬ થી ૧૨ના કુલ ૨૪૦ બાળકોના સ્વાસ્થ્યનું નિદાન વિના મૂલ્યે કરવામાં આવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૯૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ચ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન